નાટકના ગાયનો

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી વાંકાનેર નૃસિંહ નૌત્તમ નાટક સમાજ

(મર્હુમ ધર્માનુરાગી ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર સ્થાપિત)

તરફથી છપાવી પ્રસિદ્ધ કરનાર ભાઇશંકર હીરજી રાવલ

પ્રસોધ ક્યાં વડોદરા. મુ॰ વાંકાનેર.

રચનાર

નથુરામ સુંદરજી શુકલ મુ॰ વાંકાનેર.

(ભાવનગર પોરબંદર અને વાંકાનેરના રાજકવિ)

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

અમદાવાદ ધીકાંટે દિગ્વેશ્વર પ્રેસમાં

ઇશ્વરદાસ જેકણદાસે છાપ્યું.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કિંમત ૦-૨-૦

ચેતવણી.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ રજીષ્ટર કરાવી, પ્રસિદ્ધ કરનારે સર્વ હક્ક પોતાને સ્વાધીન રાખ્યા છે; માટે પ્રસિદ્ધ કર્ત્તાની રજા સિવાય કોઇએ આ નાટક તથા તેમાંનાં ગાયનો છાપવાં-છપાવવાં, વેચવાં-વેચાવવ કે ભજવવાં-ભજાવવાં નહીં.)

શ્રી પરમાત્મને નમઃ

સિદ્ધરામ નાટકના

મુખ્ય પાત્રો.

સિદ્ધરામ—કાશ્મીર રાજ્યના પ્રધાન કુળમાં અવતરેલ ક્ષત્રીપુત્ર (ઇરાવતીનો પતિ)

રાજયોગી—કાશ્મીરના માજી રાજા (નંદીગુપ્ત)

કુલુક—કાશ્મીરના રાજ્ય ગુરૂ.

અકબર—મોગલવંશના મહાન પ્રતાપી શેહેનશાહ

સલીમ—અકબર શાહનો પુત્ર.

મહેશદાસ—શેહેનશાહનો માનીતો રાજ્ય સહાયક (બીરબલ)

સલ્હાના—સિદ્ધરામનો કાકો ઇરાવતીનો પિતા.

નરસીંગદેવ—હિન્દી જાગીરદાર સલીમનો મીત્ર

ગોરખ—એક પ્રપંચી યોગી

મુબારક—સલીમનો ખટપટી નોકર

ઇરાવતી—સલ્હાનાની પુત્રી સિદ્ધરામની સ્ત્રી.

ગુલબદન—રોગીની સ્ત્રી (રજીયા બેગમ.)

વીણા—ઇરાવતીની દાસી

મુરાદ—ગુલબદનની સાહેલી.

બદરુ—મુબારકની સ્ત્રી.

રોગી અનુચરજન અબદુલકાદર ઇબ્રાહીમ ગંગવી વાણીઓ [illegible] સાથી નની ચોપદાર વારાંગનાઓ સખીઓ વગેરે.

સિદ્ધરાજ નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ નાટ્ય સૂચન.

પ્ર.-૧--હિમાલયમાં રાજ્ય યોગીનું આશ્રમ સિદ્ધરાજ તથા કુતુબનો રાજ્ય યોગી સાથે અચાનક મેળાપ આદરાજ યોગીનો આશીર્વાદ અને બન્નેનું આગ્રા તરફ રવાના થવું.

પ્ર. ૨—માનસિંહજીએ શહેનશાહની હજુરમાં મોકલેલ મહેશદાસ નામના માણસે શહેનશાહને મળવા કરેલી યુક્તિ.

પ્ર.-૩--શાહજાદા સલીમે સલ્હાના તથા નરસીંગદેવ સાથે બગીરાજ ખટપટનું બીજ રોપવું તેમાં ગુલાબદાનની સામેલગીરી.

પ્ર.-૪—સલ્હાના સાથે સિદ્ધરાજ તથા કુતુબનો મેળાપ આર્ય બાળાઓના પ્રેમની પહેલી પીછાણ અને ગોરખ યોગીના પ્રપંચની [illegible]

પ્ર.-૫—શહેનશાહ અકબરનો ઈન્સાફ, ઝંડો ફકીર તરીકે [illegible] મહેશદાસના માર્મિક વાક્યોથી શહેનશાહને સંતોષ.

પ્ર.-૬—ઝંડુના ફાંકડા વિચારો મહેશદાસની યુક્તિ સુબાઓની મુ- ચદપાર પંખી નગરચર્ચા નિહાળવા નીકળેલ અકબરશાહ

આ સર્પ જોવું બાદ ગુલાબદાનને બોલાવવાથી મહેશદાસને બદલે અકબરશાહનું દાસી મારફત ગુલાબદાનને ત્યાં જવું.

પ્ર.–૭—ગુલાબદાનના મકાનમાં અકબરશાહની પરિક્ષા તેમાં થયેલી ભુલથાપ બાદ મહેશદાસને બોલાવી પોતાના ફંદામાં ફસાવવાની યુક્તિ મહેશદાસનું છટકી જવું તેથી ગુલાબદાએ લેવા ધારેલ કીનો.

પ્ર.–૮—શાદીની ખુશાલીમાં મુબારકનો આનંદ બાદ ખુશરૂના પ્રપંચથી ત્રણે વચ્ચે તકરાર

પ્ર.–૯—વિશ્રા બાગમાં ઇરાવતીનો સખીઓ સાથે આનંદ બાદ સિદ્ધરામ તથા ઇરાવતીનું મીલન.

અંક બીજો.

પ્ર.-૧—ખુશ્બુની ખટપટથી મુબારકના મનને શંકામાં નાખી થયેલી સાદી તોડાવવાની શરૂઆત.

પ્ર.-૨—ગુલાબદાનની પરીક્ષામાં પછાત પડેલ અકબરશાહના એકાન્ત વિચારો મહેશદાસનું આવવું બેઉની વાતચીત બાદ ઇમામની ઈર્ષાથી મહેશદાસનો જીવ લેવાની ગોઠવણ સિદ્ધરામનું આવવું બાદ મહેશદાસને બીરબલનો તથા સિદ્ધરામને લશ્કરી હુદ્દો આપવો.

પ્ર. ૩—ગુલાબદાનની સાહેલીના બોલાવવાથી સિદ્ધરામનું તેની સાથે જવું બાદ ઇમામના ઈર્ષાળુ વિચારો.

પ્ર.-૪—સલીમ સલ્હાના ગોરખ તથા નરસીંગદેવના રાજ્ય બદલ કરવા સુધીના વિચિત્ર વિચારો બાદ ખુશ્બુ મારફત ગુલાબદાનના હાથથી સિદ્ધરામ સાથે રાજ્ય ખટપટનો કાગળ કાશ્મીર મોકલવાની ગોઠણ.

પ્ર.-૫—ગુલાબદાનના પ્રેમમાં સિદ્ધનું સપડાવું બાદ યુક્તિથી કાગળ આપી પ્રપંચની જાળ પાથરવી.

પ્ર.-૬—ઇશાવતીના પતિ વિયોગના વિચારો બાદ સલ્હાનાએ સલીમ સાથે ઇશાવતીને મેળવી આપવાની કરેલી ગોઠવણ સલીમનો તરસ્કાર ઇશાવતીનું અડગપણું.

પ્ર.-૭—અકબરશાહ પાસે બિરબલની યુક્તિના વખાણ બિરબલ પ્રત્યે ઈર્ષાભાવ રાખનાર અમીરોને હદપાર બાદ કુલુકુ ગુરૂ એ રા-

જર ખટપટની વાતો સાંભળતા એકદમ લશ્કર લઈ શાહે કાશ્મીર તરફ જવું.

પ્ર.-૮—ગુલાબજાનના પ્રેમમાં મસ્ત બનેલ સિદ્ધરામ બાદ ગુલાબજાનની કેટલીક ગુજર ખટપટથી વાકેફ થતાં સિદ્ધરામે તેનો તિરસ્કાર કરવો ત્યાં ફૈજીનું આવવું વગેરેની શરૂઆત.

ટેબ્લો.



અંક ત્રીજો.

પ્ર.-૧—જંગલમાં અકબરની છાવણી નરસિંગ દેવે દગાથી અબુલફઝલનું કરેલું ખુન સિદ્ધરામ તથા નરસીંગદેવની લડાઈ નરસિંગ દેવનું મરાવું બાદ શહેનશાહના હુકમથી સિદ્ધરામે બંડ સમાવવા જવું અને બીરબલે બંડ ખોરોને પકડવા જવું

પ્ર.-૨—સલ્હાનાના મૃત્યુના ઇરાવતીને ખબર કુલુક ગુરૂનો બોધ બાદ સલીમની ઇરાવતી પરે સરજોરી આખર સલીમનું નાસી પાસ થવું

પ્ર.-૩—ખુશબુ પોતાના ધણીને ઝેર આપી યારને મળવા જાય છે. તેમાં મદદ કરનાર નનીને મુબારકના હાથથી મળેલી નસીયત આ સર્વ રાજદ્રોહી હોવાથી આખર બીરબલના હાથથી પકડાય છે અને સખત સજાને પાત્ર થાય છે.

પ્ર.-૪—કુલુક ગુરૂના આશ્રમમાં ઇરાવતી સાથે સિદ્ધરામનો અચાનક મેળાપ પ્રેમી જોડાંની પ્રેમ ભેટ બાદશાહની આજ્ઞાથી સર્વે એ આગ્રા તરફ જવું.

પ્ર.-૫—આગ્રામાં અકબર બાદશાહની કચેરી સલીમના પ્રશ્ચાતાપ સિદ્ધરામની વફાદારી બાદ ઇરાવતી તથા સિદ્ધરામનો બાદશાહના હાથથી હસ્ત મેળાપ નાચરંગ

૪૨૫૦

શ્રી ગણેશાય નમઃ

શ્રી

સિદ્ધરામ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સૂત્રધાર અને બાળાઓ— ૧

ૐ નમઃ શિવાય મંત્ર

હૃદય કર અમૂલ્ય યંત્ર—

કરી મન શુદ્ધિ અર્પિ સુબુદ્ધિ (૨)

દુઃખ કાપે. આપે સુખ સ્વતંત્ર

ગાયું અતિ ગુણકારી અઘતમ હરનાર તંત્ર. ૐ

નટી તથા બાળાઓ— ૨

શુભ સાચને કદાપી આંચ આવતી નથી

સોનું તવાય તોયે રતી ઘટ થતી નથી—શુભ.

ધરી નૃપ હરીશ્ચંદ્રે ધીર નીચતણે ઘર ભરીયું નીર

સંત મહંતમાં કેવી છે કિર્તી એહની હજી સુધી આજે અતિ—શુભ.

રાજયોગી— ૩

વેગે કરો વિજય વિરક્ષત્રી તનય

કુલુક— ફરે બની અભય સિદ્ધ મેળવો જાય

સિદ્ધરામ— નિત્ય રાખી રહું પ્રભુ આપ વચનો હૃદય......વેગે

રાજકાજના સમાજ માંહી કરીશ નામના

શાહને શરણુ રહી.

રાજયોગી—સે સુખો મન ધામના

સિદ્ધરામ—ક્ષત્રીની ટેક

કુલુક— રાખવી એક

રાજયોગી—નીભાવો નેક ... ...વેગે.

ગુલાબદાન— ૪

નયનોસેં નયના મિલાઈ છુલાઈ મુજે

પ્યારે ખુલાઈ યહાં લીની લુભાઈ મુજે

સલીમ— દિલમેં તું બાઈ મુજે. નયનો૦

ગુલાબદાન— સુખ સરવર હો તુમ દિલબર હો

મેરે જીગર હો સુંદર બર હો

સલીમ— દેખકે ખુશ હુવા મય પ્યારી જાન. (૨)

ગુલાબદાન— વાવારે પ્યારી અખિયાં

ધડક રહી છતીયાં

મેં વારી દિન રતિયાં

સલીમ— વાહ પ્યારી જાન વાહ. નયનો.

ઇરાવતી—   ૫

અન્તર બાહિર બળતી અહર્ન્ત વિરહની આગ
સિદ્ધ મિલન વારિ મળે તો ભલા ગણાયે ભાગ્ય

મુદભર મનહર છબી સરસ સુખમાંહી ભરીરે
અતિશય નિરમળ પ્રિયકર સહુ પળ
દુઃખહર દિલધારીરે... ... ...   મુદભર
મુરતિ પ્રેમ મયરે–રસિકની મુરતિ પ્રેમ મયરે (૨)
નિરખી દગ વારીજાઉં વારીજાઉં વ્હાલે—મુદભર.

સિદ્ધરામ—   ૬

સદાયે ધર્મ પરાયણ રહેવું
કુટીલ કર્મ અવલોકી બીજાનાં
કટુ વચન નવ કહેવું.....સદાયે
સૌ સૌના પાપે મરવાનું
સૌ સૌના પુન્યે તરવાનું
નામ અસત્ય ન લેવું ...... સદાયે
ધર્મ તણું રક્ષણ કરવાથી રક્ષણ નીજનું થાય છે.
અધર્મ માર્ગ વિચરતાં ફિલકું સુખ સમુળ જાય છે
પડે જે દુઃખ શીરપર તે સહેવું ...સદાયે

બહલુ—   ૭

હાંરે મયતોં કિસકો દીખાઉં યે પ્યાર
મુશ્કીલ હય દિલકોં કરાર—પ્યારે

બડેસેં સાદી મુરાદેં દિલ જ્યાદી
જોબનસે બનગઈ બેજાર—પ્યારે
છોટી ઉમરીયાં બારાબરસકી
કાતીલ મીલાઉં મેં યાર—પ્યારે.

ગુલાબદાન— ૮

બોલે બાલકું પરદેમેં પસાઉં મેં
બતીયા સુનાઉં દિન રતીયાં ભુલાવું દિલ
બહર દિખાઉં નયી લહર દીખાઉં—બોલે.
યે મેરા આલા જોબનવા બાલા
મિલે જો યાર કરૂં પ્યાર— બોલે.
મેરા નઝારા સબકું હય પ્યારા
સુભાન અલ્લાહ અજી વાહ ... ...બોલે.

ગુલાબદાન— ૯

કાં ગયા વો છગબગ વાલા
બલવાલા ઉનકોમેં
કરાઉં મુંહ કાલા- ઓ. એ. કાં.
ફિરકર સારે શહેરમેં ઉનકો પકડું મેં આજ
જાહીર મેરે જોરસેં પલમેં કરૂં તારાજ. કાં...

સર્વ— ૧૦

ચાર રોજ ગુલસે અચ્છા હય શરબત

ગે શરાબકા હય શરાબક્ષ— યાર

રંગ ન્યારા હય હમારા

અહાહા (૨) ઓહોહો (૨) ઓહોહોહો (૨)

દોજખ પીનેસે જીગરકા રંજ હોવે દૂર સબ

આતિ હૈ ઔર બહાર પીવે યાર મયકે જામજબ

ઇન્સાનકે ખાતીર બડી-અયશો અમનકી ખાન હય

અય મહરખાનો દરકેપર સારી જહાં કુરબાન હય-રંગ

બદબુ— ૧૧

અરે જારે યહાંસે ગાલીયાં દેઉંગી મેં તો

ખુશબુ - તુજે મારૂંગી લાત મેરી ઐસી હૈ બાત

તેરી જુતી હય જાત લે દીખાઉં કરામાત

મુબારક— મતકર પ્યારી એ અનજાની નારીસે તકરાર

જુતી લગેગી સરપર બસકર બદબુ હોગી ખ્વાર

જાતું ઘર ચુપકર દીલજાન

ખુશબુ - અજી વાહજી વાહ.

બદબુ— દેખા જાલીમ મર્દ જયસા

મુબારક— તું હય સાલી કુત્તી જયસી

ખુશબુ— બકબક મતકર બીલ્લી જયસી

મુબારક— માનો મેરી બાત. અરે જારે.

સખીમંડળ— ૧૨

ગરબો.

રસીકચંદ્ર રમે રાત્રે જોબન તણા જોરમાંરે લોલ
કેવી રસીલી આ કુમુદીની મળી સ્વામીની સંગ
રસરંગે ભર્યું અંગ ... ...રમે.

સાખી.

શરદ પુનમ સોળે કળા શોભે શું શશીતેજ
વિરહ વીયોગે ઉછળતી બાળા સુતાં સેજ
કામ વસંતના વાયરા વાયારે
નેણ પ્યારના નીર ઉભરાયા
ઘડી ઘડી સંદેશા કહાવ્યારે
તોય વ્હાલો વિદેશથી ન આવ્યા

તનડું તલસે વિલસે વાલમ આ.
કુમકુમ કેસર અગર અત્તરભર સુંદર સાડી અંગેરે
કંચુકી કસકસતી વળી કંકણ સુવર્ણ મોતી સંગેરે
પતિ વિનાની રતી, સજી શણગાર અતિ,
ક્યાં જઈ બતાવું ઉછરંગેરે
પ્રેમના પ્રીતમજી તનના ત્રીકમજી મનના મોહનજી-રસીક.

છરાવતી— ૧૩

મનહર ક્યારે મળશો પ્રીતમજી પ્રિતિની પ્યાસી હું છું
અકળાય ઉરમાંરૂં

સિદ્ધરામ— કરમાય તું કાં કોમળ ફુલડું   મનહર.

રસિક પ્યારી મનોહારી તારી

છબીઆ પ્રીયકર છે મુજ ચિત્ત હર છે

લહરીયું લ્હાવો હમેશાં આવો

કરાવતી— રહું ચરણે તમ શરણે પ્યારા હું.   મનહર.

ખુશાખુ—   ૧૪

અજી વાહ વાહ પ્યારે તુમ હો ચુકે હમારે

અબના રહા અંદેશા

મુબારક— નજરે દીખાઓ ન્યારે જોબન હય તેરા બાલા

ખુબખુ— કોવાસા રંગ કાલા

મુબારક— માશુક ગલેકી માલા

ખુશાખુ— યે હો રહા ઉજાલા   અજી.

અબ ઇસ્કકા પ્યાલા પીલાઉં ખુબીકા ખાના ખીલાઉં

દસ્તમેં તુમસેં મીલાઉં ખસમ તુમહી મેરે

મુબારક— સુરત પર કુરબાન હય સબ વાહ ખુશખુ વાહ અજી.

કુલુક—   ૧૫

વિદ્વાન ભુપતિને છે ધન્યવાદ નીત્યે,

હર વખ્ત હંસ પેઠે ગુણ ગોતીને ગ્રહે છે

કરી નીર ક્ષીર ન્યારા લાખેણી કિર્તી લેછે વિ.

કરતા કૃપાની દ્રષ્ટી સહુને સમાન જાણી

આબાદ રાખે એને સ્નેહેથી શુદ્ધ પાણી   વિ.

ઇમામ— ૧૬

અબ ઘડિ પલ ગફલત નહિ કરના
જબ બસ કરના ફિર કયા ડરના
બિસ્મલ્લાકે સરપર હય મરના
પટકી અગનમેં ઉનકું જલાઉં
શાહજાદેકા દિલ બહલાઉં
ફઝલ કરમ હરદમ હઝરતકા
અબ દુશ્મનકે સર પગ ધરના
મનખુશ તનખુશ બનખુશ ફિરના અબ.

૧૭

જરસેં નર કહું મેં તુજે ખુશખુ જીગર પોલાદે
જાનું આજસે પ્યારી જાનનું દસ્તકે મુજે દે જબાન તું
ખુશખુ— ગરજકે હે યારજન વો આગે દસ્તકે કહે
ગરજ ખતમ હોતે દૂર દેખકે ખડે રહે —જર.

સલીમ— સાખી.

સરપર સજા તુમારે હુકમ ઉઠાઉં
સલીમ— બસ કુછ રહા ન બાકી લહર દિખાઉં—જર

ગુલાબદાન— ૧૮

પ્યારેજી મેરે મંદિરવા આયે ગુલોંકી સેજ બિછાઉંજી
સિદ્ધરામ— રતિ અતિ મુજપર રાખો રસમય અમુલ્ય એ ઉપકાર

પ્રીતેથી પ્યારી રાખીશ હૃદયે હેત તમારૂં
કદી ન વિસારૂં (૨) ગુલોંકી

ગુલામઅલાન— સાખી.

દાવદ મેરી દોસ્તયે કરલો આપ કબુલ
ફિરભી તશરીફ લાઇઓ મુવાફ કરના ભુલ—ગુલોંકી૦

સિદ્ધરામ— ઓછું ઉર નહિં આણશો કુલીન પ્રેમદા કાંઇ
આધિનછું હું આપને હરદમ આવીશ આંહી

સહહાના— ૧૯

જારે હઠીલી હઠ જા અહીંથી જા
નથી હું ખુશી મુખ તારૂં જોવા

કરાવતી— તાત વદો નહિં વચન આવા
શું કરો આ કાવાદાવા
જોઇ હૃદયે લાગે જવાળા

સહહાના— ચુપ વધુ નહિં બોલ બાળા...જારે.

કરાવતી— સાખી.

સ્વાર્થી પીતાનીજ પુત્રીને બતલાવે આ રીત
દાવા નળ જળ લાગશે જશે સ્વધર્મ પ્રતિત...જારે

રૂદુક— ૨૦

અધમની સોબતે આવા બને છે શાહજાદાઓ
દુઃખદ પરીણામ દ્રષ્ટીથી, જુવે નહિં શાહજાદાઓ....
પોતાના પ્રાણ લેવાને અતિ મહેનત ઉઠાવે છે
ન લાજે રાજ્યના લોભી જગતમાં શાહજાદાઓ...અધમ૦
પ્રપંચીને ગણી પ્યારા પિતુરની જાન હેલાવે
ફાંસીમાં પડે અન્તે સમજવીણ શાહજાદાઓ...અધમ૦

સાહેલીઓ— ૨૧

પીયો મમહય મજેહર જામ ભર ભરકેરે
ખેલો હીલમીલ બનઠન ગુલાલાલ લાલસેરેહાં.
આહા કયસી ખીલી રહીયે. ચાંદનીહાં
ઝુલે દિલબર જોબન દેખ સુંદરી

સિદ્ધરામ - પ્યારી હું તારા પ્રેમનાં વશમાં ગુલાબદાન
રસ બસ બનીને રંગમાં સિદ્ધ થયો મસ્તાન

સાહેલીઓ - વાહ કયસી યે જોડી બની આલમમે
ખુદા દોનુકો આબાદ રખે આલમમે
યે બહાર આઈ હય સાકીયા ઉઠે મજે મુલ્કે ગુલસે
ગુંચુમે ગુલસે ભરકર મયે લગાદે મુલ્કમુલ્કે
જીસને નહિ ચખી લિજ્જત શરાબકી
ઉસને અપની ઉમ્ર યુંહી ખરાબકી

સિદ્ધરામ— ૨૨

ગણી ઉત્તમ કરવા ગયો થઇ ગુલામનો સંગ
કાયા વિંધી કંટકે પડ્યો રંગમાં ભંગ

ધિક ધિક તરસ જીવન તમામ
થયું સહુ હામ મુજ બદનામ...ધિક.

હાય નિમક હરામ કીધું
કેવું અઘટિત કામ હર હર મતિ અધમ મારી
દિન આ દુઃખકારી ભારી મુંઝાઉં હારીહામ

અકબર— ૨૩

જાઓ દોડો પકડો જકડો ગરદન મારો-ઉનકુંયારો
તેગ ઉઠાઓ સિતમ મચાઓ
યહાં લેઆઓ મત ગભરાઓ
ઝલબલ કરતે દિલ નહિ ડરતે
કદમ ધીરતે બરે જહર તે...જાઓ

સીનાકું તોડુ મેં કીના ન છોડું મેં
હાય પાપી બના કરો સજા મેરી રજા હે...જાઓ

સલીમ— ૨૪

બની કયસી ઉદાસી ભારી નાહોતું હઠીલી નારી અયનારી
ધરાવતી— વહોને વિચારી શાહજાદા આવું રે
સલીમ— કરસે મુજસેં તું દિલદારી બે સમજ ઓરત બદકારી

સારે કુનબે ભરકી ખ્વારી જાય જાનેગી રીયાકાશી

ઇરાવતી— શાને નષ્ટ થઈ આવો જાવો અહીં તહીં—કયરી
ડરતી નથી તમ દાબથી પ્રેમી મારો એક
સો સો સંકટ સહીસ પણ નહિં તજું મુજ ટેક

સલીમ— જોર જુલ્મસે કબ્જા કરૂં મેં
જલ્દ ઉઠાકે મહેલ ધરૂં મેં

ઇરાવતી— આમ તમારી મતલબ કંઈ નહિ પાર પડશેરે

મુબારક-ખુશાલુ— ૨૫

હમપેં રહેમ કરો મેરે ભાઈ હમપેં રહેમ કરો
અરે હાય અરે હાય જીયા જાય ન સુહાય
કુચ્છ નહિ કરતે હમ તુફાન શીર નાહક નહિં સતાઓ
બે ગુનાહકું તુમ મત મારો (૨) યારોના ગજબ
ગુજારો અરજ મુફલીસકી દિલમેં ધરો...હમ.

સિદ્ધરામ— ૨૬

કથીર પડયું કંચનમાં નિહાળ્યું વિષ સુખ વનમાં
સજ્જન ગણી સહવાસ કર્યો પણ અંતે ફસ્યો દુરિજનમાં
કઠીન કંલકનો હાય રહ્યો છે
પસ્તાવો મુજ મનમાં...નિહાળ્યું૦

દૈવતણી ગતિ અજંબ નિહાળી બહુ દુઃખ ભોગવ્યું તનમાં
ઉદય થયો શશી શાન્તિ તણો હવે
સુખ લઉં પ્રેમી સદનમાં...નિહાળ્યું૦

ઇરાવતી— ૨૭

પીયુ પ્યારા આંખોના તારા ભરથાર
કરે દારા ન ન્યારા લગાર...પીયુ

સિદ્ધરામ— પ્રીય પ્યારી મારી શુદ્ધ ભક્તિ તારી
જોઈ મનડું મારૂં આનંદમાં ઝુલે અપાર...પીયુ
માણીશ હું લહેર સુખસાગર મોઝારરે

ઇરાવતી— દાસીને કરી આપની હૈયાના હારરે

સિદ્ધરામ— [illegible] ભરી [illegible] [illegible] તારી [illegible]ધાર

ઇરાવ[illegible]— [illegible] સેવા વાકમ[illegible] વારરે...પીયુ

સર્વ— ૨૮

રહે પ્યારી પ્યારી સારી આલમમે સરદારી
અકબર સુખકારી હો છાઇ રહી હમ આલમપના
દશ દીસ માંહી તેરી કિર્ત્તી શહેનશાહ બેરી સબડરે
પદ પીછા ધરે તેજ સેંહી મરે
શાદમાન શાદમાન

જગકે જનૂ ચલો સારે નેકી રાહ
રાજા પરજા (૨) જગકે
નેકી કે ફલ નેક મીલેંગે બદીકે બદ યહાં મીલેંગે
જયસા યહાં પરદેના વયસા ફીર લેના
સોચ સમજકે દેખો રાહ—જગકે

સમાપ્ત.